# આજે દુબઈમાં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ પૂર્વે રોડ-શો

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ઉદ્યોગ રાજ્યમંત્રી જગદીશ પંચાલ તથા ગુજરાત સરકારના ટોચના અધિકારીઓ દુબઇની દ્વિ-દિવસીય મુલાકાતે જશે : ૮ ડિસેમ્બરે દુબઈમાં ઉદ્યોગ સાહસિકો સમક્ષ ગુજરાતમાં મૂડીરોકાણની તકો વિશે પ્રેઝન્ટેશન

ગાંધીનગર, તા. ૭

દેશના સૌથી વધુ બિઝનેસ ફ્રેન્ડલી રાજ્ય ગુજરાતમાં જાન્યુઆરી ૨૦૨૨માં યોજાનારી વાયબ્રન્ટ ગ્લોબલ સમિટ સંદર્ભમાં દુબઈમાં આવતીકાલે આઠ ડિસેમ્બરે બુધવારે રોડ-શોનું આયોજન કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ઉદ્યોગ રાજયમંત્રી જગદીશ વિશ્વકર્મા અને ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ મંડળ આ હેતુસર દુબઈ મુલાકાતે જવા રવાના થશે.

આ દુબઈ મુલાકાત દરમ્યાન મુખ્યમંત્રી અને પ્રતિનિધિ મંડળ દુબઈમાં ઉદ્યોગ સાહસિકો સાથે વન-ટુ-વન મુલાકાત બેઠક કરવાના છે તેમજ હાલ દુબઈમાં ચાલી રહેલા એક્સપોમાં ઈન્ડીયા પેવેલિયનની મુલાકાત પણ લેવાના છે.

દુબઈમાં ટીમ ગુજરાત ઉદ્યોગકારો સાથે વન-ટુ-વન બેઠકો યોજીને ગુજરાતમાં મૂડીરોકાણ કરવા અંગે વાતચીત કરશે. એટલું જ નહિ, ઉદ્યોગકારો સમક્ષ ગુજરાતમાં વિવિધ ક્ષેત્રે ઉપલબ્ધ રોકાણની તકો વિશે પ્રેઝન્ટેશન પણ કરવામાં આવશે.

ગુજરાતનું પ્રતિનિધિ મંડળ દુબઈમાં ઊર્જા, એન્જિનિયરિંગ, હોસ્પિટાલિટી, આરોગ્ય, લોજિસ્ટિક્સ, ફિનટેક (ફાયનાન્સિયલ ટેકનોલોજી) તથા સેવાઓના ક્ષેત્રોમાં ગુજરાતમાં ઉપલબ્ધ મૂડીરોકાણની સંભાવનાઓ અંગે બિઝનેસ અગ્રણીઓ સાથે વાતચીત કરશે.

દુબઈ રોડ-શોમાં મુખ્યમંત્રી સાથે જઈ રહેલા ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળમાં મુખ્યમંત્રીના ચીફ પ્રિન્સિપલ સેક્રેટરી કે. કૈલાસનાથન, એડિશનલ ચીફ સેક્રેટરી (ઉદ્યોગો) ડૉ. રાજીવકુમાર ગુપ્તા, બિઝનેસ અગ્રણીઓ તથા રાજ્ય સરકારના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ભાગ લઈ રહ્યા છે.

૧૦મી વાયબ્રન્ટ ગુજરાત સમિટ ૧૦ થી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૨ દરમિયાન ગાંધીનગરમાં યોજાઈ રહી છે. આ ઉપરાંત એ જ ગાળામાં ૯ થી ૧૩ જાન્યુઆરી દરમિયાન વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શોનું પણ આયોજન થયેલું છે.

વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં ૨૦૦૩થી શરૂ થયેલી દ્વિ વાર્ષિક વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં ભારતના રાજ્યો ઉપરાંત દુનિયાના વધુને વધુ દેશો પણ રસ લઈ રહ્યા છે એ કારણે મૂડીરોકાણ તેમજ વેપારના ક્ષેત્રમાં ગુજરાતને વૈશ્વિક મંચ જેવું સ્થાન મળ્યું છે.


પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ભારતને આત્મનિર્ભર બનાવવાનો જે કોલ આપેલો છે તેને સુસંગત આ વર્ષના વાયબ્રન્ટ સમિટની થીમ 'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત' રાખવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં દુબઈમાં યોજાનારા રોડ-શોને લઈને અખાત ક્ષેત્રમાં ઉત્સાહનો માહોલ ઊભો થયો છે.

## ખૂણેખાંચરેથી

- આજે વડોદરા ખાતે સ્માર્ટ સીટીના સીઈઓની બેઠક યોજાઈ હતી. ગાંધીનગરના સી.ઈ.ઓ. પ્રિતેશ દવેએ આ બેઠકમાં હાજરી આપી હતી.
- રાજ્ય સરકારે ૨૩ જેટલા ગેસ કેડરના અધિકારીઓની બદલીના હુકમો કર્યા છે પંચાયત વિભાગના આ અધિકારીઓની બદલી ઉપરાંત ૮ જેટલા સીધી ભરતીના અધિકારીઓને પણ નિમણુંકો અપાઈ છે.
- સરકારી અધિકારીઓ/કર્મચારીઓએ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ. હસ્તકના સરકાર માન્ય પરીક્ષા કેન્દ્રો પરથી પાસ કરેલ કોમ્પ્યુટર કૌશલ્યની સી.સી.સી/સી.સી.સી.+ ની ૨૦૦ ગુણની પરીક્ષાના પ્રમાણપત્રોને માન્યતા આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.
- રાજ્યના મુખ્ય સચિવે આજે વિડીયો કોન્ફરન્સ જિલ્લાતંત્રોની સાથે કરી વેક્શિનેશનમાં ઝડપ લાવવા તેમજ વિદેશથી આવેલા લોકોનું ટ્રેકિંગ કરી તેમની સાર સંભાળ લેવા સહિતના વિષયો પર વિશેષ સૂચનાઓ આપી હતી.
- અખિલ ભારતીય નાગર પરિષદ દ્વારા યોજાયેલ નાગર પ્રિમીયર લીગ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ગાંધીનગર લાયન્સ ટીમ રનર્સઅપ થઈ છે.
- ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલ એક દિવસના જિલ્લાના પ્રવાસે આવી રહ્યા છે અને તેને લઈ ભાજપમાં તૈયારીઓ શરૂ કરાઈ છે.
- ગાંધીનગર મનપા દ્વારા ફાર્માસીસ્ટ, લેબ. ટેકનીશ્યન તેમજ મલ્ટી પરપઝ હેલ્થ વર્કરનું પરિણામ જાહેર થઈ ગયુ હોય ૧૬ ડિસેમ્બરથી ૩૧ ડિસે.૨૧ દરમ્યાન પ્રમાણપત્ર ચકાસણી કરવાનો કાર્યક્રમ જાહેર કર્યો છે.
- રાજ્યના મહેસુલ વિભાગના અધિકારીઓની આજે મંથન બેઠક મળી હતી.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



પ્રભુ... ઓમિક્રોન વાયરસ પૃથ્વિ પર આવ્યો છે... સરકારે હોસ્પિટલમાં જગ્યા કરી દીધી છે... તમે સ્વર્ગમાં જગ્યા કરવાનું ચાલુ કરી દેજો...!!

# કોટેશ્વર ગામ મહાદેવ મંદિર પાસે યુવકને મુઢમાર માર્યો

ગાંધીનગર,તા.૭

કોટેશ્વર ગામ મહાદેવ મંદિર સામે એક યુવકને ગાળો બોલી ગડદા પાટુનો માર માર્યો હતો. ત્યારબાદ યુવકને જાનથી મારી નાંખવાની ધમકી આપી યુવકે ચાર વ્યકિત સામે અડાલજ પોલીસ મથકે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અમદાવાદ સાબરમતિ ગોકુળધામ સોસાયટી મ.નં.સી-૧૦ ખાતે રહેતા વિનોદ બાબુભાઈ પટ્ટણી શાકભાજીનો વેપાર કરે છે. વિનોદભાઈ પાસે રીક્ષા નં. જી.જે.૦૧.ટી.એફ.-૧૮૫૨ છે. જેમાં તે શાકભાજી વેપાર કરે છે. રીક્ષામાં શાકભાજી લઈને તેઓ કાયમ કોટેશ્વર ગામમાં વેપાર માટે જાય છે. ત્યારે કોટેશ્વર ગામ મહાદેવ મંદિર પાસે વિનોદભાઈ પહોચ્યા હતા તે સમયે વિશાલ કિશોર દંતાણી ત્યાં ઝઘડો કરી રહ્યો હતો. વિનોદભાઈએ તેઓને ઝઘડા નહી કરવા માટે સમજાવ્યા હતા. અને શું કરવા માટે ઝઘડો છો તેમ કહેતા તેઓ એકદમ વિનોદભાઈ પર ઉશ્કેરાઈ ગયા હતા. વિનોદભાઈને ગાળો બોલી પકડીને ગડદાપાટુનો માર માર્યો હતો. જેથી બોલાચાલીને પગલે હોબાળો થતા વિશાલના ઘરે થી તેનો ભાઈ કૃણાલ અને કિશોર શકરાભાઈ દંતાણી અને અનિતાબેન આવી પહોંચ્યા હતા. આ તમામ વ્યકિતઓએ વિનોદભાઈ સાથે ઝપાઝપી કરી ગોળો બોલી ગડદાપાટુનો માર તેમજ વિશાલે લાકડી વડે મારતા ઈજા પહોંચી હતી. જયારે આ વ્યકિતઓ જતા જતા રીક્ષાને પણ નુકશાન કર્યુ હતું. જયારે કપાળના ભાગે લાકડી મારતા લોહી નીકળતા ઈજા પહોંચી હતી. હવે કોટેશ્વર ગામે આવીશ તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી હતી અને શરીરે ઈજાઓ પહોંચતા સારવાર માટે અમદાવાદ સિવિલ ખાતે લઈ જવાયા હતા.ત્યારબાદ વિનોદભાઈએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# સરઢવમાંથી જુગાર રમતા ચાર શકુની ઝડપાયા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના સરઢવ ગામે જાહેરમાં કુંડાળુ વળીને જુગારની બાજી માંડીનો બેઠેલા ચાર જુગારીઓને પેથાપુર પોલીસે બાતમીને પગલે પકડી પાડ્યા હતા. જયારે પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળી કુલ રૂ. ૨૨ હજારનો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ એમ.એસ.રાણા સ્ટાફના કર્મચારીઓ સાથે પેટ્રોલીંગમા હતા. તે સમયે બાતમી મળી હતી કે સરઢવ જનતાનગર ચરામાં કેટલાક શખ્સો જુગારની બાજી માંડીને બેઠા છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યા પર જઈને રેઈડ પાડતા કુંડાળુ વળીને બેઠેલા જુગારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. જો કે પોલીસે તમામ જુગારીઓને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની પુછપરછ કરતા તેમણે પોતાના નામ કિશોર શકરાભાઈ ચમાર, કલ્પેશ ગોકળભાઈ પટેલ,દિનેશ વનાજી ઠાકોર તેમજ ભરત વલાજી ઠાકોર (તમામ રહે. સરઢવ)હોવાનું જણાવ્યું હતું. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૨૨,૦૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સિવિલ કેમ્પસમાં સ્ટાફ બ્રધર્સે ગળેફાંસો ખાઈ જીવનલીલા સંકેલી

ગાંધીનગર,તા.૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સ્ટાફ બ્રધર્સ તરીકે ફરજ બજાવતા યુવકે પોતાના ઘરમાં ગળેફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી છે. સ્ટાફના કર્મચારીએ આપઘાત કર્યાની વાત વાયુવેગે સિવિલ કેમ્પસમાં ફેલાતા ચકચાર મચી જવા પામી હતી. જયારે બનાવની જાણ થતા પોલીસ ઘટના સ્થળે આવી પહોંચીને આગળની તપાસ આદરી હતી. પરંતુ યુવકે કયાં કારણોસર આપઘાત કર્યો તે અંગે હજુ ચોકક્સ કારણ જાણવા મળ્યું નથી.




સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા કેટલાક સમયથી સ્ટાફ બ્રધર્સ તરીકે ફરજ બજાવતા ફેડરીક ચંદુભાઈ પરમાર કેમ્પસમાં જ સ્ટાફ કવાટર્સમાં મકાન નં.૧૨-૬ ખાતે રહેતા હતા. ફેડરીકભાઈ છેલ્લા પાંચ દિવસથી રજા પર હતા. આજે સવારે તેઓ નોકરી પર હાજર થવાના હતા. આ દરમિયાન તેઓ સાથી કર્મચારીઓને ચા-નાસ્તો કરવાનું કહીને કપડા બદલવા માટે પોતાના ઘરે ગયા હતા. જો કે ઘણીવાર રાહ જોવા છતા ફેડરીક પરત ના આવતા સાથી કર્મચારીઓ તેમને બોલાવવા માટે ઘરે ગયા હતા. પરંતુ દરવાજો અંદરથી બંધ હતો. ઘણીવાર સુધી દરવાજો ખખડાવ્યા બાદ પણ ના ખોલતા હોવાથી કંઈ અજુગતુ બન્યું હોવાની શંકા રાખીને દરવાજો તોડી દીધો હતો. જયારે ઘરમાં પ્રવેશતા જ હુકમાં રૂમાલ વડે આપઘાત કરેલો ફેડરીકનો મૃતદેહ જોઈને સાથી કર્મચારીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા. બનાવની જાણ થતા હોસ્પિટલના સ્ટાફના કર્મચારીઓ મોટીસંખ્યામાં દોડી આવ્યા હતા. બનાવની જાણ થતા સેકટર-૭ પોલીસના જવાનો પણ ઘટના સ્થળે આવી ગયા હતા. પોલીસે મૃતકના મૃતદેહનું પંચનામુ કરી પીએમ કરાવી મૃતદેહ પરિવારજનોને સોંપી દીધો હતો. જયારે મૃતકે કયાં કારણોસર આપઘાત કર્યો તેનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. ત્યારે ઉલ્લેખનીય છે કે મૃતક ફેડરીક કર્મનિષ્ઠ કર્મચારી અને હસમુખા સ્વભાવને પગલે સ્ટાફમાં આગવુ સ્થાન ધરાવતો હતો. ફેડરીક પોતાની પાછળ પરિવારના સભ્યોને સંતાપ કરતા મુકી ગયા છે. ફેડરીકની અંતિમવિધી સમયે સ્ટાફના કર્મચારીઓ પણ પોતાના આંસુ રોકી શક્યા ન હતા.

# ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા સ્વચ્છતા અભિયાન યોજાયું

ગાંધીનગર, તા.૭

આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા સ્વચ્છતા અભિયાનનું આયોજન એરફોર્સ સિલેકશન સેન્ટર, સેકટર-૨૫ ખાતે કરવામાં આવ્યું હતું.

સ્વચ્છતા અભિયાનના પ્રારંભે વિદ્યાર્થીઆને હેન્ડગ્લોવ્ઝ અને સેનેટાઈઝરની બોટલોનું વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સ્કાઉટના વિદ્યાર્થીઓ દ્વારા સિલેકશન બોર્ડની બાઉન્ડરીની આસપાસ પ્લાસ્ટિક તથા કચરો એકત્રિત કરવામાં આવ્યો હતો. સ્વચ્છતા અભિયાનના અંતિમ ચરણોમાં વિંગ કમાન્ડર શર્માએ વિદ્યાર્થીઓને સિલેકશન બોર્ડની પ્રક્રિયા વિશે માહિતી આપી હતી. સમગ્ર સ્વચ્છતા અભિયાનનું સફળ સંચાલન સ્કાઉટ કમિશનર યુવરાજસિંહ વાઘેલાએ કર્યું હતું.



ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં પાંચમા માળે ઓમીક્રોન વોર્ડ તૈયાર કરાયો છે. સિવિલ તંત્ર દ્વારા ૫૦૧ વોર્ડમાં વેન્ટીલેટર અને ઓકિસજન બેડ સહિતની સુવિધા ઉભી કરાઈ છે. જયારે ઓમીક્રોન વોર્ડ માટે જરુરી સ્ટાફ પણ ફાળવી દેવામાં આવ્યો છે.

# ચંદ્રાલા નાકા પોઈન્ટ પર બાઈક પર દારૂ લઈને જતા બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર,તા.૭

ચિલોડા-હિંમતનગર હાઈ-વે માર્ગ પર ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી ચાલી રહી હતી. તે સમયે પેશન બાઈક પર થેલામાં ૧૨ બોટલ ભારતીય બનાવટની વિદેશી દારુ લઈને જઈ રહેલા બે શખ્સો ઝડપાયા હતા. પોલીસે દારુ અને બાઈક મળી કુલ કિં. ૨૭,૪૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

ચિલોડા પોલીસ મથકના સ્ટાફના જવાનો ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા. તે સમયે હિંમતનગર તરફથી આવી રહેલા પેશન પ્રો બાઈક નં.જી.જે.૦૧. એસ.-૯૪૦ પર બે શખ્સો સવાર હતા અને વચ્ચે એક થેલો મુકેલો હતો. પોલીસે બે શખ્સોને બાઈક પરથી નીચે ઉતારી થેલામાં તપાસ કરતા દારૂની ૧૨ બોટલ મળી આવી હતી. જયારે પોલીસે બાઈક ચાલકનુ નામ પુછતા માનસિંહ હિંમતસિંહ સિસોદીયા (ઉં.૨૧ રહે,૯ બાપા સિતારામ રો હાઉસ હરીઓમ એપાર્ટમેન્ટની સામે ઠક્કરબાપા નગર અમદાવાદ, મળુ રહે.અદવાસ તા.સરાડા જી.ઉદયપુર રાજસ્થાન) અને બીજા શખ્સે રતનસિંહ મનોહરસિંહ સિસોદીયા (ઉં.૧૯ રહે.યુવીન મીનરલ વોટર માધવ મોલ પાસે ઠકકરબાપા નગર, મુળ રહે.સરાડા જી.ઉદેપુર રાજસ્થાન) જણાવ્યું હતું. પોલીસે દારુ અંગે પાસ પરમીટ માગતા તેઓની પાસે ન હતું. પોલીસે થેલામાંથી રૂ.૧૨,૪૨૦ ની કિંમતની ૧૨ બોટલ દારુ અને રૂ.૧૫ હજારનું બાઈક મુદ્દામાલ તરીકે કબ્જે કરી પ્રોહીએકટ મુજબ આગળની તપાસ હાથ ધરી છે.

# ચિલ્ડ્રન યુનિવર્સિટી હોબાળા મુદ્દે વિદ્યાર્થી સામે ફરીયાદ

ગાંધીનગર શહેરના સેકટર-૨૦સ્થિત ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં ૧૦ દિવસ પહેલા પોતાની ન્યાયીક માંગણી લઈને ગયેલા વિદ્યાર્થીને યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરના અંગત સચિવ યોગેન્દ્ર પટેલે સામાન્ય બોલાચાલી બાદ વિદ્યાર્થીને લાફો ઝીંકી દીધો હોવાની ઘટના સામે આવી હતી. આ મુદ્દે હવે યુનિવર્સિટીના રજીસ્ટ્રાર દ્વારા વિદ્યાર્થી સામે સે-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

શહેરના સે-૨૦ સ્થિત ચિલ્ડ્રન યુનિવર્સિટીના રજીસ્ટ્રાર અશોક પ્રજાપતિએ વિદ્યાર્થી દિનેશ ચોચા સામે ફરીયાદ નોંધાવી છે. પીએચડીનું પરિણામ તા.૨૪ નવેમ્બરના રોજ જાહેર થયુ હતું. તા.૨૫ નવેમ્બરના રોજ બપોરના સમયે યુનિવર્સિટીના કુલપતિ ના અંગત સચિવ યોગેન્દ્ર પટેલ તેમની ઓફિસમાં હાજર હતા. તે સમયે સેકટર-૨૫ સુર્યનારાયણ સોસાયટી ખાતે રહેતો દિનેશ ચોચા નામનો વિદ્યાર્થી પરિક્ષામાં નાપાસ થયો હોવાથી યુનિવર્સિટીમાં બોલાચાલી માટે આવ્યો હતો. યુનિવર્સિટીની એડમીન ઓફિસમાં ઘુસી જઈને રજીસ્ટ્રાર અને સ્ટાફના કર્મચારીઓ સાથે અણછાજતુ વર્તન કરવા લાગ્યો હતો. તે ઉપરાંત મહિલા કર્મચારીના પ્રિન્ટરમાંથી જબરદસ્તીથી કાગળ ખેંચી કામમાં અડચણ ઉભી કરી હતી.તો બીજીતરફ સેમેસ્ટાર-૩ ની પરિક્ષા ચાલતી હોવા છતા દરવાજો ખખડાવીને અશાંતિનો માહોલ ઉભો કર્યો હતો. જેથી તેને લેખિતમાં રજુઆત કરવાનું કહેવામાં આવતા તે દિનેશ અચાનક ઉસ્કેરાઈ જઈને વીસીના અંગત સચિવના કોટ પકડીને માથાકુટ કરી ને જાનથી મારી નાંખવાની ધમકી આપતા સેકટર-૨૧ પોલીસ મથકે અશોક પ્રજાપતિની ફરીયાદ નોંધી તપાસ હાથ ધરી છે.




## ગીફ્ટસીટી ખાતે ગોયેન્કા ડેન્ટલ કોલેજનો પદવીદાન સમારોહ યોજાયો

ગોયેન્કા ડેન્ટલ રીસર્ચ ઈન્સ્ટિટયુટ એન્ડ સાયન્સ કોલેજ પેથાપુરનો વાર્ષિક પદવીદાન સમારોહ ગીફટસીટી કલબ ખાતે યોજાયો હતો.જેમાં મુખ્ય અતિથિ તરીકે રાજયના આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલ હાજર રહીને વિદ્યાર્થી ભાઈ બહેનોને પદવી એનાયત કરવામાં આવી હતી. આ પ્રસંગે ગોયેન્કા કોલેજના ચેરમેન અપૂર્વા ગોએન્કા તેમજ પ્રિન્સીપાલ ડો.કમલ બગડા સહિત મોટીસંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીગણ ખાસ હાજર રહ્યા હતા.

# હવે, જિલ્લા આપ પાર્ટીએ વાઈબ્રન્ટ સમિટ મોકૂફ રાખવા આવેદનપત્ર આપ્યું

ગાંધીનગર જિલ્લા આમ આદમી પાર્ટી દ્વારા આજે કોરોના મહામારીના નવા ઓમીક્રોન વેરિયન્ટના જોખમને અનુલક્ષીને અધિક કલેકટરને આવેદનપત્ર આપીને વાઈબ્રન્ટ ગુજરાત સમિટ મોકુફ રાખવા માંગ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સતત બીજા દિવસે વાઈબ્રન્ટ સમિટ મોકૂફ રાખવા માટે આવેદનપત્ર અપાયા છે જેમાં પહેલું આવેદનપત્ર ગઈ કાલે શહેર વસાહત મહાસંઘ દ્વારા આપવામાં આવ્યું હતું અને આજે આપ પાર્ટી દ્વારા આપવામાં આવ્યું છે. આવેદનપત્ર આપવા માટે પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી હસમુખભાઈ પટેલ, સહમંત્રી અભિષેક પટેલ, જિલ્લા મહામંત્રી દીપકભાઈ પટેલ સહિત અન્ય હોદ્દેદારો જોડાયાં હતા.

આપ પાર્ટીના જણાવ્યાં મુજબ ભૂતકાળમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અમેરિકન પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પને અમદાવાદ બોલાવીને મોટેરા ખાતે સ્ટેડિયમમાં મોટા પાયે જનમેદની એકત્રિત કરી હતી જે સમયે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને ચેતવણી આપી હતી અને ત્યારબાદ કોરોના વાયરસની મહામારી ફેલાતાં તેના ગંભીર પરિણામ રૂપે ગુજરાતમાં બે કોરોના લહેરો આવી જેમાં લાખો દર્દીઓએ જીવ ગુમાવ્યો હતો. અત્યારે પણ કોરોના વાયરસના ઓમીક્રોન વેરિયન્ટને પગલે ચિંતાજનક પરિસ્થિતિ ઉભી થઈ છે જે અંગે ફરી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને ચેતવણી પણ આપી છે અને ભારત સહિત વિવિધ દેશોમાંથી ઓમીક્રોન કોરોના વાયરસનો ચેપ ફેલાયો છે. ગુજરાતમાં પણ ઓમીક્રોન વાયરસના કેસ આવી ગયાં છે તો આ બાબતે આવનારા સમયમાં ગુજરાતમાં જાન્યુઆરી માસમાં વાઈબ્રન્ટ સમિટ યોજાશે તો તેવા સમયે ગાંધીનગરમાં દેશ-વિદેશથી અન્ય રાજ્યોમાંથી પણ હજારો માણસો આવશે જેના કારણે ગાંધીનગરમાં ઓમીક્રોન વાયરસનું



સંક્રમણ ફેલાઈ શકે તેવી પૂરેપૂરી શક્યતા છે.

# ચિલોડા કાનૂની ક્લિનીક ખાતે એઈડ્સ, જાગૃત કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ચિલોડા કાનૂની ક્લીનીક ખાતે પહેલી ડિસેમ્બર વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણીના ભાગરૂપે એઈડ્સ જાગૃતિ અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પેરાલીગલ વોલન્ટીયર્સ નટુભાઈ પટેલ તથા કાન્તીભાઈ કે. પટેલની ઉપસ્થિતિમાં ગામના અગ્રણી સહિત હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં એઈડ્સ એટલે શું, એચ.આઈ.વી. થવાના કારણો, અટકાવવાના ઉપાયો, પુનઃ સ્થાપન વગેરેની ચર્ચા કરી લોકજાગૃતિ લાવવા પ્રયાસો હાથ ધરવા તેવુ આહ્વાન કરવામાં આવ્યું હતું.

## જાહેર નિવિદા નં.૭/૨૦૨૧-૨૨

આથી રસ ધરાવતા અરજદારોને જણાવવાનું કે, નાયબ વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ વિભાગ, ગાંધીનગરની નીચે દર્શાવેલ રેન્જોના ડેપો ખાતે દર્શાવેલ નિયત તારીખ અને સમયે ઈમારતી અને જલાઉ માલની જાહેર હરાજી રાખવામાં આવેલ છે. ઈજારદારશ્રી સ્થળ ઉપર રૂ. ૧૦,૦૦૦/- ડિપોઝીટ આપી હરાજીમાં ભાગ લઈ શકશે. જેની વિસ્તૃત વિગતો માટે હરાજીનું જાહેરનામું અત્રેની તથા અત્રેના વિભાગ હેઠળની નીચે મુજબની રેન્જ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મૂકવામાં આવેલ છે. તો ઈજારદારોને હરાજીમાં ભાગ લેવા જણાવવામાં આવે છે. ઈજારદારો દ્વારા કોરોના સંક્રમણ અટકાવવા અંગેના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

| ક્રમ | રેન્જ | ડેપોનું નામ | ઈમારતી પંચરાઉ (ઘ.મી.) | જલાઉ (ક્વિન્ટલ) | તારીખ | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | કલોલ | નારદીપુર નર્સરી | ૨૨૧.૭૭ | ૨૬૭૧.૦૦ | ૧૬/૧૨/૨૦૨૧ | સવારે ૧૦.૦૦ કલાકે |
| ૨ | માણસા | માણસા નર્સરી | ૧૨૫.૮૯૬ | ૨૦૬૪.૪૦ | ૧૭/૧૨/૨૦૨૧ | સવારે ૧૦.૦૦ કલાકે |
| ૩ | માણસા | બિલોદરા નર્સરી | ૧૨.૭૮૦ | ૨૭૨.૬૫ | ૧૭/૧૨/૨૦૨૧ | બપોરે ૧૨.૦૦ કલાકે |
| ૪ | માણસા | વિહાર નર્સરી | ૧૩.૧૦૯ | ૪૬૭.૦૦ | ૧૭/૧૨/૨૦૨૧ | બપોરે ૧.૦૦ કલાકે |
| ૫ | બોરીજ | સેન્ટ્રલ ડેપો, સેક્ટર-૩૦ | ૨૯૬.૫૫ | ૫૧.૭૨.૦૦ | ૧૮/૧૨/૨૦૨૧ | સવારે ૧૦.૦૦ કલાકે |

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૭/૧૨/૨૦૨૧
માહિતી/૧૬૪૪/૨૧-૨૨

સહી/-
નાયબ વન સંરક્ષક
ગાંધીનગર